આજની પ્રાર્થના....

કલ્યાણ સારી જનતાતણું
હો, પાળો પૃથ્વી ન્યાયથી
રાજ્યકર્તા. સૌ જીવોનું
શુભ નિત્ય વર્તો, સુખી
સદા લોક સમસ્ત થાઓ !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૭૨ | ૨૩ મે, ૨૦૨૧, રવિવાર; વૈશાખ સુદ - ૧૧ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# રાહત : દેશમાં ૨.૫૭ લાખ નવા કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં ૩.૫૭ લાખ લોકો સાજા થયા : ૪૧૯૪ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યા

નવી દિલ્હી,તા.૨૨

હવે દેશમાં કોરોનાની બીજી લહેરમાં બ્રેક વાગતી દેખાઈ રહી છેકોરોના કેસ હવે ઝડપથી ઘટવા લાગ્યા છે. કોરોનાની ઓછી ગતિ હોવા છતાં, મૃત્યુઆંક ડરાવનારો છે. આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૫,૨૯૯ નવા કેસ નોંધાયા છે. જ્યારે ૪૧૯૪ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. કોરોનાના નવા કેસો પછી દેશમાં સંક્રમિત દર્દીઓની કુલ સંખ્યા વધીને ૨ કરોડ ૬૨ લાખ ૮૯ હજાર ૨૯૦ થઈ ગઈ છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, કોરોનાથી દેશમાં અત્યારે ૨૯ લાખ ૨૩ હજાર ૪૦૦ સક્રિય કેસ છે, જ્યારે ૨



કરોડ ૩૦ લાખ ૭૦ હજાર ૩૬૫ લોકો સ્વસ્થ થઈને તેમના ઘરે ગયા છે. દેશમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૨ લાખ ૯૫ હજાર ૫૨૫ લોકોનાં મોત નીપજ્યાં છે. મહારાષ્ટ્રમાં પણ કોરોનાથી ઘણી રાહત મળતી નજરે પડી રહી છે. કોરોનાની બીજી લહેરની અસર મહારાષ્ટ્રથી શરૂ થઈ હતી. મહિનાઓ પછી, અહીં કોરોના વાયરસનું સામ્રાજ્ય ઓછું થતું જોવા મળે છે. છેલ્લા ૨૪ કલાકમાં આવેલા કોરોના અહેવાલ મુજબ મહારાષ્ટ્રમાં કોરોનાના ૨૯ હજાર ૬૪૪ નવા કોવિડ કેસ નોંધાયા છે. જો કે, વાયરસને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૫૦૦ કરતા વધારે છે. ૨૪ કલાકમાં, કોરોના વાયરસથી ૫૫૫ લોકો માર્યા ગયા. આ રીતે રાજ્યમાં કોરોના કુલ કેસની સંખ્યા ૫૫ લાખ ૨૭ હજાર ૦૯૨ પર પહોંચી ગઈ છે, જ્યારે વાયરસથી મૃત્યુઆંક ૮૬ હજાર ૬૧૮ પર પહોંચી ગયો છે. બિહારમાં કોરોના વાયરસના ચેપને કારણે ૯૮ લોકોનાં મોત થયાં, ત્યારબાદ રાજ્યમાં મૃત્યુની સંખ્યા ૪૩૩૯ પર પહોંચી ગઈ. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ચેપના ૫૧૫૪ કેસ નોંધાયા છે, ત્યારબાદ રાજ્યમાં કુલ કેસની સંખ્યા વધીને ૬.૮૧ લાખ થઈ ગઈ છે. એવું કહેવામાં આવે છે કે રાજ્યમાં અત્યાર સુધીમાં ૬.૧૭ લાખ લોકો ચેપ મુક્ત બન્યા છે જ્યારે ૪૯,૩૧૧ દર્દીઓ સારવાર હેઠળ છે. ૨૧ મે સુધી દેશભરમાં ૧૯ કરોડ ૩૩ લાખ ૭૨ હજાર ૮૧૯ કોરોના ડોઝ આપવામાં આવ્યા હતા. ગત દિવસોમાં ૧૪ લાખ ૫૮ હજાર ૮૯૫ રસી લગાવવામાં આવી.

# દેશમાં મ્યુકરમાઈકોસિસના ગુજરાતમાં સૌથી વધુ કેસ

### ૧૫ રાજ્યોમાં ૯,૩૨૯ કેસ બ્લેક ફંગસના નોંધાયા, ૨૩૫ના મોત : મહારાષ્ટ્ર-આંધ્ર પ્રદેશની સ્થિતિ ગંભીર, ઇન્જેક્શનના ૨૩૬૮૦ ડોઝની કરાઇ ફાળવણી

ન્યુ દિલ્હી,તા.૨૨

કોરોના વાયરસના કહેર વચ્ચે હવે દેશભરમાં બ્લેક ફંગસનો ભરડો ફાટી નીકળ્યો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ સહિત ૧૫ રાજ્યમાં અત્યારસુધી બ્લેક ફંગસના ૯,૩૨૯ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૨૩૫ લોકોનાં મોત નીપજ્યાં છે. ગુજરાતમાં અત્યાર સુધી દેશનાં અન્ય રાજ્ય કરતાં સૌથી વધુ ૫ હજાર કેસ સામે આવી ચૂક્યા છે. આ સંક્રમણને કારણે ઘણા દર્દીઓ અંધ પણ થઈ ગયા છે.

હરિયાણાએ સૌથી પહેલા આ બીમારીને મહામારી તરીકે જાહેર કરી દીધી હતી. ત્યાર પછી રાજસ્થાને પણ આ પ્રમાણે બ્લેક ફંગસને મહામારી જાહેર કરી દીધી હતી. કેન્દ્ર સરકારે તમામ પરિસ્થિતિનું અવલોકન કરતાં પ્રત્યેક રાજ્યોને જણાવ્યું હતું કે આ બીમારીને પેન્ડેમિક એક્ટ હેઠળ નોટિફાય કરવી જોઈએ. ત્યાર પછી ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ગુજરાત, ચંડીગઢ, હિમાચલ પ્રદેશ, તેલંગાણા અને તામિલનાડુએ પણ બ્લેક ફંગસને મહામારી જાહેર કરી દીધી છે.

ડૉ. ગુલેરિયાએ જણાવ્યું હતું કે દર્દીઓ ડૉક્ટરની સૂચના લીધા પછી જ દવાઓનું સેવન કરવું જોઈએ, એની સાથે વધુપડતા સ્ટિરોઈડનો પણ ઉપયોગ કરવો જોઈએ નહીં. જો સ્ટિરોઇડ ડૉક્ટર દ્વારા આપવામાં આવતું હોય તો તેમણે પણ મધ્યમ અથવા ઓછી માત્રામાં આપવું જોઈએ. જો કોઈ લાંબા



સમયથી સ્ટિરોઇડ લેતું હોય તો તેને ડાયાબિટીઝની સમસ્યા આવી શકે છે. તેવામાં બ્લેક ફંગસનો ચેપ લાગવાની શક્યતા વધુ રહેલી છે.

હવે બ્લેક ફંગસના વધતા કેસના લીધે સારવાર માટે ઉપયોગમાં લેવાતી એન્ટી-ફંગલ દવા એમ્ફોટેરિસિન-બીની માંગ વધતી જઇ રહી છે. આ દરમ્યાન શનિવારના રોજ તમામ રાજ્યો/કેન્દ્ર શાસિત પ્રદેશોને એમ્ફોટેરિસિન-બીની કુલ ૨૩૮૬૦ વધુ વાયલ ફાળવી છે.

# એન્ટીબોડી ચકાસણી માટેની કીટ વિકસાવાઈ

### ડીઆરડીઓએ વિકસાવેલી કિટ જૂનના પહેલા અઠવાડિયાથી બજારમાં મળશે : ૭૫ રૂપિયાના ખર્ચે ૭૫ મિનિટમાં મળશે રિપોર્ટ

ન્યુ દિલ્હી,તા.૨૨

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠનએ એન્ટિબોડી પરીક્ષણ માટે ડિપ્કોવેન કીટ બનાવી છે. ડીઆરડીઓના કહેવા મુજબ આ કીટમાં શરીરમાં સાર્સ-કોવી-૨ વાયરસ અને ફાઈટીંગ પ્રોટીન ન્યુક્લિયો કેપ્સિડ બંનેની હાજરીની જાણકારી મેળવી શકે છે. તે ૯૭%ની હાઈ સેન્સિટિવિટી અને ૯૯% ની સ્પેસિફિસિટી સાથે માત્ર ૭૫ રૂપિયાના ભાવે ૭૫ મિનિટમાં રિપોર્ટ પણ આપશે.

દિલ્હીની હોસ્પિટલોમાં આશરે ૧૦૦૦ દર્દીઓ પર પરીક્ષણ કર્યા પછી, તેને માર્કેટમાં મૂકવાની મંજૂરી આપવામાં આવી છે. છેલ્લા એક વર્ષ દરમિયાન આ કિટના ત્રણ બેચમાં હોસ્પિટલોમાં અલગ-અલગ પરીક્ષણ કરવામાં આવ્યા છે. ડ્ઈર્ડ્ઢ ની લેબ ડિફેન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિઝિયોલોજી અને એલાયડ સાયન્સિસ લેબોરેટરીએ દિલ્હીની એક ખાનગી કંપની વેનગાર્ડ ડાયગ્નોસ્ટિક્સના સહયોગથી આ કિટ તૈયાર કરવામાં આવી છે. એટલે કે તે સંપૂર્ણ સ્વદેશી કિટ છે.

આઇસીએમઆરએ એપ્રિલમાં ડિપ્કોવન કિટને મંજૂરી આપી હતી અને તે જ મહિનામાં ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ તેના નિર્માણ અને બજારમાં વેચવાની મંજૂરી આપી હતી. વેનગાર્ડ લિમિટેડ વ્યાવસાયિક રૂપે જૂનના પહેલા અઠવાડિયામાં આ કિટને બજારમાં ઉતારશે.

લોન્ચિંગ સમયે લગભગ ૧૦૦ કિટ ઉપલબ્ધ થશે. તેનાથી લગભગ ૧૦ હજાર લોકોનું ટેસ્ટિંગ થશે અને ત્યાર બાદ દર મહિને ૫૦૦ કિટનું ઉત્પાદન કરવામાં આવશે. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ડીઆરડીઓની આ પહેલની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે આ કિટ કોવિડ મહામારી સામે લડવામાં લોકોને મદદ કરશે.

## બોલીવુડના સંગીતકાર રામલક્ષ્મણનું નિધન

નાગપુર, તા. ૨૨

સલમાનખાન અને ભાગ્યશ્રીની સુપર ડુપર હિટ ફિલ્મ મૈને પ્યાર કિયા...ના સંગીતકાર રામ લક્ષ્મણનુ નિધન થયુ છે.આ યાદગાર ફિલ્મનુ સંગીત પણ એટલુ જ લોકપ્રિય થયુ હતુ.આજે પણ તેના ગીતો લોકો સાંભળે છે.

તેમણે નાગપુરમાં ૭૯ વર્ષની વયે આખરી શ્વાસ લીધા હતા. તેમણે મૈને પ્યાર કિયા ઉપરાંત હમ આપ કે હૈ કોન ...અને હમ સાથ સાથ હૈ...જેવી ફિલ્મોમાં પણ સંગીત આપ્યુ હતુ અને તેના ગીતો પણ સંગીતપ્રેમીઓની જીભે ચઢ્યા હતા.તેમના નિધન બાદ બોલીવૂડમાં શોકનો માહોલ છે.

# નેપાળમાં રાષ્ટ્રપતિએ સંસદ વિખેરી વચગાળાની ચૂંટણી જાહેર કરી

### ૧૨ અને ૧૯ નવેમ્બરના રોજ ચૂંટણી યોજાશે, રાષ્ટ્રપતિ અને ઓલી બંનેના સરકાર બનાવવાના દાવાને ફગાવ્યો

નવી દિલ્હી, તા. ૨૨

નેપાળના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે અને રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીએ સંસદ વિખેરીને વચગાળાની ચૂંટણીની જાહેરાત કરી છે. આગામી ૧૨ અને ૧૯ નવેમ્બરના રોજ ચૂંટણી યોજાશે. રાષ્ટ્રપતિ વિદ્યાદેવી ભંડારીએ શેર બહાદુર દેઉબા અને કેપી શર્મા ઓલી બંનેના સરકાર બનાવવાના દાવાને ફગાવી દીધો હતો.

વિપક્ષી ગઠબંધનના નેતાઓ ૧૪૯ સાંસદોના હસ્તાક્ષર સાથેનો કોંગ્રેસ સભાપતિ શેર બહાદુર દેઉબાને વડાપ્રધાન બનાવવાની માંગ કરતો પત્ર લઈને રાષ્ટ્રપતિ પાસે પહોંચ્યા હતા અને વિદ્યાદેવી ભંડારીએ પોતે આ વિષયમાં કાયદો પણ ધ્યાનમાં લેશે તેવો જવાબ આપ્યો હતો. માઓવાદી કેન્દ્રના પ્રવક્તા નારાયણ કાજી શ્રેષ્ઠના કહેવા પ્રમાણે રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, વડાપ્રધાન કેપી શર્મા ઓલી પણ બહુમતનો દાવો કરવા આવ્યા હતા અને આ વિષયમાં કાયદો ધ્યાને લેવામાં આવશે.

વિપક્ષી ગઠબંધનના કહેવા પ્રમાણે ઓલીએ સાંસદોના હસ્તાક્ષર પ્રસ્તુત નથી કર્યા માટે તેમના દાવાનો કોઈ અર્થ નથી. વિપક્ષી ગઠબંધને દેઉબાને વડાપ્રધાન બનાવવા માટે હસ્તાક્ષર સહિતનો પત્ર રાષ્ટ્રપતિ કાર્યાલયમાં રજિસ્ટર કરાવ્યો હતો.

## ભાવભીની અંજલિ



આપની વિદાયથી અમે સૌ ટ્રસ્ટીગણ
આઘાતની લાગણી અનુભવીએ છીએ...
આપનો ખંત, કુનેહ અને દીર્ઘદૃષ્ટિ
અમારા માટે પ્રેરકબળ બની રહેશે.
આપના આત્માને ચિરશાંતિ માટે
પરમ તત્વને પ્રાર્થના સહ
ભાવભીની અંજલિ...

સ્વ. નરેન્દ્રભાઈ એમ. શાહ

લિ.

અશોકભાઈ એચ. પટેલ - ચેરમેન | વિક્રમભાઈ કે. પટેલ - ટ્રસ્ટી
ગુણવંતભાઈ એમ. સોની - ટ્રસ્ટી
વેલુસિંહ આર. ચાવડા - ટ્રસ્ટી
નરસિંહભાઈ એમ. પરમાર - ટ્રસ્ટી
હસમુખ એન. હીંગુ - ટ્રસ્ટી
મહેન્દ્રભાઈ એમ. ચૌહાણ - ટ્રસ્ટી
જનકભાઈ પી. ઓઝા - ટ્રસ્ટી
દેવાંગ બી. પંડ્યા - ટ્રસ્ટી

શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ - સેક્ટર-૩/ડી, ગાંધીનગર

શ્રદ્ધા સબુરી


aashka HOSPITAL

## મ્યુકોરમાઈકોસીસ ની સારવાર ઉપલબ્ધ

તમામ કોવીડ તથા નોન - કોવીડ દર્દીઓ માટે સેવાઓ ૨૪x૭ ઉપલબ્ધ છે.

| | | |
|---|---|---|
| કાર્ડીઓલોજી | ન્યુરો તથા સ્પાઈન સર્જરી | ક્રીટીકલ કેર સર્વિસીસ |
| કાર્ડીઓથોરાસીક તથા | ઓર્થોપેડિક સર્જરી | ઈમરજન્સી સર્વિસીસ |
| વાસ્કુલર સર્જરી | નિયોનટલ તથા પીડીયાટ્રીક સર્જરી | ફાર્મસી સર્વિસીસ |
| જનરલ તથા લેપ્રોસ્કોપિક સર્જરી | ઈ.એન.ટી. | રેડીયોલોજી સર્વિસીસ |
| પેઈન મેનેજમેન્ટ | ગેસ્ટ્રોએન્ટ્રો સર્જરી | આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ |
| પ્લાસ્ટીક સર્જરી | નેફ્રોલોજી | ફીઝીઓથેરાપી વિભાગ |
| ગાયનેકોલોજી તથા | યુરો સર્જરી | પેથોલોજી સર્વિસીસ |
| ઓબ્સ્ટેટ્રિક્સ સર્જરી | ઓન્કો સર્જરી | કાફેટેરિયા |
| | ડેન્ટલ સર્જરી | |

ટ્રોમા તથા ઈમરજન્સી માટે ૨૪x૭ તબીબો હાજર



આશ્કા મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પીટલ
સરગાસણ અને રિલાયન્સ ચોકડી વચ્ચે, સરગાસણ,ગાંધીનગર- ૩૮૨૪૨૧

aashkahospitals www.aashkahospitals.in aashkahospitalsltd

ઇમરજન્સી નંબર: ૭૫૭૫૦૦૭૭૦૭, ૯૮૭૯૭૫૨૭૭૭ / પૈશન્ટ કોઓર્ડીનેટર:૭૫૭૫૦૦૭૭૧૭, ૭૫૭૫૦૦૭૭૨૪